જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૧/૨૦૨૦ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૭૫/૨૦૨૦**

**ક્રાઇમ બ્રાંચ :**

### ઓઢવ વિસ્તારમાં જવેલર્સની દુકાનમાં ફાયરીંગ કરી લુંટ કરનાર ૪ ઈસમોને હથીયારો તથા કારતુસ અને દાગીનાઓ મળી કુલ્લે રૂ.૦૧,૦૧,૨૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી લેતી અમદાવાદ શહેર ક્રાઈમબ્રાન્ચ

ગઈ તા.૦૮/૦૧/૨૦૨૦ ના રોજ ઓઢવ વિસ્તારમાં આવેલ હીરાબા જવેલર્સ ખાતે, રાત્રીના નવેક વાગે ચાર જેટલા ઈસમો આવી તેમાંથી ત્રણ ઈસમો દુકાનમાં ગ્રાહક તરીકે પ્રવેશ કરી તેઓ પાસેના હથિયારો બતાવી દુકાનમાં હાજર ફરીયાદી તથા તેમના ભાઈ તથા માણસો ઉપર તમંચા તથા પિસ્તોલ જેવા હથિયારો ધરી દઈ, દુકાનમાં હોય તે તમામ સોના-ચાંદીના દાગીનાઓ આપી દેવા જણાવી આ કામના ફરીયાદીશ્રીને તથા સાહેદને જાનથી મારી નાખવાના ઇરાદે ફાયરીંગ કરી ગંભીર ઈજાઓ પહોચાડી આરોપીઓએ દુકાનમાંથી રોકડ રૂ.૩,૫૧,૦૦૦/- તથા સોના-ચાંદીના કી.રુ-૬,૦૦,૦૦૦/- મળી કુલ્લે રૂ.૯,૫૧,૦૦૦/-ની માલમતાની આરોપીઓ લુંટ કરી તેઓના કબ્જાના બે બાઈકો ઉપર આરોપીઓ નાસી ગયેલ. જે બનાવ અંગે ઓઢવ પો.સ્ટે. ખાતે ગુ.ર.નં-એ/૧૧૧૯૧૨૩૭૨૦૦૦૨૪/૨૦૨૦ ઈપીકો ક્લમ-૩૦૭,૩૯૭,૪૫૦,૧૧૪ તથા આર્મ્સ એકટ ક્લમ-૨૫(૧) બી, એ, ૨૭ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુન્હો દાખલ થવા પામેલ.

આ બનાવમાં હથિયારોથી ફાયરીંગ કરી જવેલર્સની દુકાનમાં લુંટનો ગંભીર પ્રકારનો ગુન્હો બનવા પામેલ હોય જે ગુન્હાની ગંભીરતાને ધ્યાને લઈ આ ગુન્હાનો ભેદ ઉકેલવા સારુ અને આ ગુન્હામાં સંડોવાયેલ આરોપીઓ શોધી કાઢવા સારૂ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટીયા સાહેબ તથા ક્રાઇમબ્રાન્ચના ખાસ પોલીસ કમિશ્નર શ્રી અજયકુમાર તોમર સાહેબ નાઓની સીધી સુચના હેઠળ, નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી બી.વી.ગોહિલ સાહેબ ક્રાઇમબ્રાન્ચ નાઓના માર્ગદર્શન હેઠળ, ક્રાઈમબ્રાન્ચના અધિકારીશ્રીઓ તથા સ્ટાફના માણસો દ્વારા ઝીણવટપુર્વકની તપાસ હાથ ધરવામાં આવેલી અને ગુનાવાળી જગ્યાની આજુબાજુના વિસ્તારમાં ટેકનીકલ સર્વેલન્સ આધારે તેમજ ગુન્હાવાળી જગ્યાની આજુબાજુના તમામ વિસ્તારોમાં તપાસ હાથ ધરવામાં આવેલ.

આ દરમ્યાન અત્રેની શાખાના પો.ઈન્સ.શ્રી. જે.એન.ચાવડા તથા પો.ઇન્સ.શ્રી એ.વાય.બલોચ તથા પો.ઇન્સ.શ્રી ડી.બી.બારડ તથા પો.સ.ઈ. શ્રી એ.પી.જેબલીયા તથા પો.સ.ઈ. શ્રી એસ.પી.ગોહિલ તથા ટેકનીકલ પો.સ.ઈ.શ્રી એમ.ડી.મકવાણા તથા સ્ટાફના માણસો દ્વારા આ ગુન્હામાં સંડોવાયેલ આરોપીઓ બાબતેની તમામ શક્યતાઓ ચકાસવામાં આવેલ અને ટેકનીકલ સર્વેલન્સ તથા ખાનગી રાહે બાતમી હકિકત મેળવવામાં આવેલ જે આધારે આ ગુન્હો કરવામાં રાજ્ય બહારના આરોપીઓ હોવાનુ જણાઇ આવેલ.

ઉપરાંત આ ગુનાને અંજામ આપનાર ઇસમ મધ્યપ્રદેશ તરફના હોવાનુ જણાતા અત્રેના અધિકારીશ્રીઓના ઇન્ટર-સ્ટેટ પોલીસ કોઓર્ડીનેશન કરેલ જેમાંથી મધ્યપ્રદેશ ગ્વાલીયર જીલ્લાના પોલીસ અધિક્ષકશ્રી નવનીત ભાસી તથા ગ્વાલીયર સાયબર સેલના પો.સ.ઇ.શ્રી મનોજસીંગ તથા પો.કો. વિશ્વજીત જાટ નાઓએ સદરહું ગુનો કરનાર મુરેના તથા ભીંડ જીલ્લાના ચોક્કસ ગેંગના સભ્યો હોવાની તેમજ તે ગેંગના અમુક સભ્યો હાલ ગુજરાતમાં જ હોવાની ઉપયોગી માહીતી જાણવા મળેલ હતી.

આ તપાસ દરમ્યાન ગઇકાલ તા.૨૪/૦૧/૨૦૨૦ ના રોજ ખુબજ ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે" આ ગુન્હો કરવામાં સંડોવાયેલ ચાર જેટલા ઈસમો અમદાવાદમાં આવેલ છે અને તેઓ આ ગુન્હામાં વાપરેલ પિસ્તોલ તથા દેશી તમંચા અને કારતુસ જેવા હથિયારો તથા આ ગુન્હામાં મેળવેલ દાગીનાઓ તથા ગુન્હામાં વાપરેલ બાઇક નંબર જીજે-૨૭-આર-૪૦૧૭ સાથે ઓઢવ ફાયર બ્રીગેડ ખાતે ઉભેલ હોવાની બાતમી હકીકત આધારે પો.ઈન્સ.શ્રી. જે.એન.ચાવડા તથા પો.ઇન્સ.શ્રી ડી.બી.બારડ તથા પો.ઇન્સ.શ્રી એ.વાય.બલોચ તથા પો.સ.ઈ. શ્રી એ.પી.જેબલીયા તથા પો.સ.ઈ. શ્રી એસ.પી.ગોહિલ તથા તેઓની ટીમના માણસો સાથે તપાસ કરતા આરોપીઓ (૧) સંજુ ચન્દ્રપ્રકાશ શર્મા ઉ.વ.૪૬ રહે- મ.નં.૨૪, મહાવીરપુરા, ઉરઇ તા.ઉરઇ જી.જાલૌદ ઉત્તરપ્રદેશ તથા (૨) ભુપેશ ઉર્ફે ભુપેન્દ્ર સ/ઓ ગજરાજસિંહ યાદવ ઉ.વ.૨૮ હાલ રહે- દત્તપુરા, રાઠી હોસ્પીટલ પાછળ, મુરેના થાણા-સીટી તા.જી. મુરેના મધ્યપ્રદેશ મુળવતન ગામ-બુડપુર તા.જાટુસાના જી.રેવાડી હરીયાણા તથા (૩) જીતેન ભોગીરામ કોરી ઉ.વ.૩૮ ધંધો-મજુરી રહે- મચંડ તા.થાણા-રોન જી.ભીંડ મધ્યપ્રદેશ તથા (૪) ઉમેશ કામતા પટેલ ઉ.વ.૩૦ ધંધો-વેપાર હાલ રહે- મ.નં.૬, પથીક રો-હાઉસ મંગલ પાંડે હોલ પાસે ઓઢવ અમદાવાદ મુળવતન ગામ-મચંડ તા.થાણા-રોન જી.ભીંડ મધ્યપ્રદેશ નાઓ તેઓના કબ્જાની પિસ્તોલ- નંગ-૦૧ તથા દેશી તમંચા નંગ-૦૨ તથા ૮ એમ.એમ ના કારતુસ નંગ-૧૨ તથા ૭.૬૫ ના કારતુસ નંગ-૧૨ મળી કુલ્લે-૨૪ જેટલા કારતુસ તથા એકસ્ટ્રા મેગઝીન નંગ-૧ તથા મોબાઈલ ફોન નંગ-૩ તથા લુંટમાં ગયેલ મોટા ભાગના મુદ્દામાલમાં સોનાના પાટલા નંગ-૧૨ તથા બંગડી-૮ તથા ચાંદીની વીટીઓ નંગ-૧૨૨ દાગીનાઓ તથા બાઇક નંગ-૧ સહીતનો મુદ્દામાલ કબ્જે કરી, આરોપીઓ વિરુદ્ધમાં કાયદેસર કાર્યવાહીં કરી અટક કરવામાં આવેલ છે.

જે પકડાયેલ ઈસમોની પુછપરછ કરતા ગઇ તા-૦૮/૦૧/૨૦૨૦ ના રાત્રીના નવેક વાગ્યાના અરસામાં આરોપીઓએ ફરીયાદીશ્રીની દુકાનમાં ગ્રાહક તરીકે પ્રવેશ કરી ફાયરીંગ કરી તેમજ દુકાનમાં હાજર તમામ માણસોને હથિયારોની અણીએ બાનમાં લઈ દુકાનમાથી મળી આવેલ રોકડ રકમ તથા સોનાના દાગીનાઓની લુંટ કરી આરોપીઓ નાશી ગયેલ હોવાની કબુલાત આરોપીઓએ કરેલ છે. જે પકડાયેલ આરોપીઓ પૈકી ભુપેશ યાદવ તથા સંજુ શર્મા તથા જીતેન કોરી નાઓ અગાઉ ગ્વાલીયર જેલમાં અલગ-અલગ ગુન્હાઓમાં સાથે હતા જેથી મિત્રતા થયેલી તેમજ આ ગુન્હો કરવામાં ભુપેશ યાદવ નાઓ સાથે અગાઉ મુરેના જેલમાં રહી ચુકેલા અન્ય ત્રણ સાગરીતો પંકજ ઉર્ફે ઢોલુ રામનરેશ શર્મા રહે-ગીલાપુરા જી.મુરેના તથા સંદીપ કોરી રહે-નાવલી જી.મુરેના તથા સુનીલ વિજયશરણ શર્મા રહે-લાલોર જી.મુરેના નાઓ આ ગુન્હો કરવામાં તેઓની સાથે હોવાનુ આરોપીઓએ જણાવેલ છે.

પકડાયેલ આરોપીઓ પૈકી ઉમેશ કામતા પટેલનાનો પોતે  ઓઢવ ફાયર સ્ટેશન પાસે આવેલ ગુરૂ રાજેન્દ્ર એસ્ટેટમાં ગુરૂદેવ ડાયમંડ પોલીસના નામથી ભાડાની જગ્યામાં પ્લાસ્ટીક મોલ્ડ પોલીસનુ કારખાનુ ચલાવે છે અને આરોપી જીતેન ભોગીરામ કોરી નાનો અગાઉ તેને ત્યા નોકરી કરતો હતો, અને તેના કારખાને રહેતો હતો, જેણે ફરીયાદીશ્રીની દુકાનને ટાર્ગેટ કરી રેકી કરી જરુરી માહીતી એકત્ર કરેલ અને તેના મિત્ર ભુપેશ ઉર્ફે ભુપેન્દ્ર સ/ઓ ગજરાજસિંહ યાદવને અમદાવાદ બોલાવેલ અને જે પણ જીતેન સાથે ઉમેશના કારખાને રોકાયેલ અને ત્યારબાદ જીતેને તેના અન્ય મિત્ર પંકજ ઉર્ફે ઢોલુ તથા સંદિપ અને સુનીલને અમદાવાદ બોલાવેલ. આ ગુન્હો કરતા સમયે આરોપીઓ સંજુ ચન્દ્રપ્રકાશ શર્મા તથા ભુપેશ ઉર્ફે ભુપેન્દ્ર સ/ઓ ગજરાજસિંહ યાદવ તથા પંકજ ઉર્ફે ઢોલુ રામનરેશ શર્મા ત્રણેય જણા હથિયારો સાથે હીરાબા જવેલર્સમાં અંદર ગયેલા અને તે વખતે જીતેન ભોગીરામ કોરી નાનો દુકાન પાસેના ચાર રસ્તા ખાતે હાજર રહી ધ્યાન રાખી રહેલ હતો, તેમજ સુનીલ વિજયશરણ શર્મા રોડ ઉપર ઉભો રહી ધ્યાન રાખી રહેલ હતો જ્યારે સંદિપ કોરી દુકાનની બહારના ભાગે ઉભો રહેલ હોવાની આરોપીઓએ કબુલાત કરેલ છે. આરોપીઓ આ ગુન્હામાં વાપરેલ બાઈક નં- જીજે-૨૭-આર-૪૦૧૭ નાનુ આરોપીઓ ભુપેશ તથા સંજુ શર્મા નાઓએ મળી વિસેક દિવસ પહેલા જમાલપુર એ.એમ.ટી.એસ વર્ક શોપ સામેથી ચોરી કરેલ હોવાની કબુલાત આરોપીઓ કરતા જે આધારે  તપાસ કરતા આ બાઈક ચોરી બાબતે ગા.હવેલી પોલીસ સ્ટેશન ખાતે ગુરનં-એ/૧૧૧૯૧૦૨૧૨૦૦૦૫૮/૨૦૨૦ ઈપીકો ક્લમ-૩૭૯ મુજબનો ગુન્હો ડીટેકટ થવા પામેલ છે. જે પકડાયેલ આરોપીઓ તથા મળી આવેલ હથિયારો સહીતનો મુદ્દામાલ ઓઢવ પો.સ્ટે.ખાતે મોકલવા અંગેની તજવીજ કરવામાં આવેલ છે.તેમજ બાઈક ચોરી બાબતે ગા.હવેલી પો.સ્ટે.ને જાણ કરવા તજવીજ કરવામાં આવેલ છે.

આ કામે પકડાયેલ આરોપીઓ પૈકી સંજુ શર્મા તથા ભુપેશ યાદવ તથા જીતેન કોરી નાઓ અગાઉ ગ્વાલીયર જેલમાં સાથે હતા ત્યારે એકબીજાની મુલાકાત થતા તેઓ વચ્ચે મિત્રતા થયેલ હતી.

જે આરોપીની વધુ પુછપરછ પો.ઈન્સ.શ્રી. જે.એન.ચાવડા તથા પો.સ.ઈ.શ્રી એ.પી.જેબલીયા તથા પો.સ.ઈ શ્રી એસ.પી.ગોહિલ નાઓ ચલાવી રહેલ છે.

## આરોપીઓનો ગુન્હાહીત ઈતિહાસ

### * આરોપી સંજુ ચન્દ્રપ્રકાશ શર્મા

-વર્ષ-૧૯૯૪ માં મારા-મારીના એક ગુન્હામાં તેના વતનના ઉરઇ પો.સ્ટે ખાતે પકડાયેલ છે.

-વર્ષ-૨000માં મધ્યપ્રદેશના ભીંડ જીલ્લાના ગોહાદ પો.સ્ટે. ખાતે લુંટ વીથ ૩૦૭ના ગુનામાં પકડાયેલ છે. -વર્ષ-૨૦૦૬ તેના વતનમાં રીન્કુ ગુર્જર નામના માણસ ઉપર ફાયરીંગ કરી મારી નાખવાના ગુનામાં ઉરઇ પો.સ્ટે.ખાતે પકડાયેલ છે.

-વર્ષ-૨૦૧૦ માં સુરત ખાતે પાંડેસરા પોલીસ સ્ટેશન ખાતે ૩૯૯ ના ગુનામાં હથિયારો સાથે પકડાયેલ છે. જે ગુંન્હાઓમાંથી આરોપી જુલાઈ-૨૦૧૮ માં જેલમાંથી છુટેલ છે.

### * આરોપી ભુપેશ ઉર્ફે ભુપેન્દ્ર સ/ઓ ગજરાજસિંહ યાદવ

- વર્ષ-૨૦૧૨ માં મુરેના સીટી પો.સ્ટે. ખાતે બે લુંટના ગુનામાં પકડાયેલ છે.
- વર્ષ-૨૦૧૪ માં નરોડા પોલીસ સ્ટેશન ખાતે ૩૯૯ ના ગુનામાં પકડાયેલ છે.

-વર્ષ-૨૦૧૩ માં બોલેરો ચોરાના ગુનામાં મધ્યપ્રદેશ શૌપુર સીટી પો.સ્ટે. ખાતે પકડાયેલ છે.

-વર્ષ-૨૦૧૩ માં ગ્વાલીયર ખાતે ગોલે કા મંદીર પો.સ્ટે.માં લુંટ વીથ ૩૦૭ ના ગુનામાં તથા મુરેના સીટીના લુંટના એક ગુનામાં પકડાયેલ છે.

- વર્ષ-૨૦૧૮ માં આગ્રા ખાતે લુટ વીથ ૩૦૭ ના ગુનામાં પકડાયેલ છે.

### * આરોપી જીતેન ભોગીરામ કોરી

- વર્ષ-૨૦૧૪ માં મધ્યપ્રદેશ ભીંડ જીલ્લાના લહાર તથા મેહોના પો. સ્ટે.ના લુંટના-૦૫ ગુનામાં પકડાયેલ છે.

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## આનંદનગર પોલીસ સ્ટેશન :

## ઘરફોડ તેમજ વ્હિકલ ચોરીના ગુનામા મુદ્દામાલ સાથે આરોપીઓને પકડી કાયદેસર કાર્યવાહી કરતી આનંદનગર પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડ.

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એન ડીવીઝન નાઓએ પો.સ્ટે વિસ્તારમા મિલ્કત સંબંધીત ગુનાઓ બનતા અટકાવવા અને બનેલ ગુનાઓ શોધવા સારૂ આપેલ સુચના તથા પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એસ.જે.બલોચ આનંદનગર પો.સ્ટે નાઓના માર્ગદર્શન હેઠળ આનંદનગર પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડના પ્રો. પો.સ.ઇ કે.બી.મીર સાથેના સ્ટાફના હે.કો. વિજયદાન મોજદાન બ.નં.૫૨૫૨ તથા હે.કો.શૈલેષકુમાર મોહનભાઇ બ.નં.૪૫૫૯ તથા પો.કો.હરપાલસિંહ પ્રભાતસિંહ બ.નં.૫૯૪૨ તથા પો.કો.મહેન્દ્રસિંહ ઘનશ્યામસિંહ બ.નં.૮૨૮૭ તથા પો.કો ગભરૂભાઇ ધાનાભાઇ બ.નં.૧૦૨૬૦ તથા પો.કો કિશોરસિંહ અનોપસિંહ બ.નં.૮૨૪૬ તથા પો.કો.વિજયકુમાર મગનભાઇ બ.નં.૩૯૭૬ તથા પો.કો. કલ્પેશકુમાર કાનજીભાઇ તથા લોકરક્ષક ભરતભાઇ ધીરૂભાઇ બ.નં.૧૦૬૫ વિગેરે સ્ટાફના માણસો આનંદનગર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.પાર્ટ-A-11191001200024/2020 ધી ઇપીકો કલમ- ૩૭૯ મુજબના ના ગુનાના કામે ચોર મુદ્દામાલની તપાસમાં પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ માં હતા દરમ્યાન પ્રો.પો.સબ.ઇન્સ. કે.બી.મીર નાઓની ચોક્કસ બાતમી હકીકત આધારે નીચે જણાવેલ આરોપીઓને ચોરીની **સ્પ્લેન્ડર મો.સા એં.નં.૨૧૦૪૩ તથા ચે.નં.૨૨૩૮૭ કિં.રૂ. ૫૦૦૦/- ના મુદ્દામાલ** સાથે પકડી આનંદનગર પોલીસ સ્ટેશન **ફ.ગુ.ર.નં.૧૧/૨૦૨૦** ના ગુનામા કાયદેસર કાર્યવાહી કરી આરોપીઓની યુક્તિપ્રયુક્તિ થી પુછપરછ કરતા આરોપીઓએ ઉત્તરાયણના તહેવાર અગાઉ રાત્રીના સમયે ધનંજય ટાવર કોમ્પલેક્ષમા આવેલ દુકાનમાથી દુકાનના શટર ખેંચી તોડી પ્રવેશ કરી આશરે ચૌદ હજાર રોકડા રૂપીયા ની ચોરી કરેલ હોવાની તેમજ જજીસ બંગલા ચાર રસ્તા આગળ "એમ.આઇ મોબાઇલ સ્ટોર" માથી રાત્રીના સમયે શટર તોડી ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ હોય જેથી અત્રેના પો.સ્ટે આરોપીઓ વિરૂધ્ધમા નામજોગ ઘરફોડની ફરીયાદ દાખલ કરી તેમજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ખરાઇ કરાવતા વસ્ત્રાપુર પો.સ્ટે ખાતે નીચે મુજબનો ગુનો રજીસ્ટર થયેલ છે અને આનંદનગર પોલીસ સ્ટેશની ઘરફોડ અને વ્હિકલ ચોરી તેમજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના ઘરફોડ ગુનાનો ભેદ ઉકેલી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

### આરોપીઓના નામ સરનામા:

(૧) દિપક ઉર્ફે પામળો સ/ઓ શંકરભાઇ ધનજીભાઇ કલાસવા ઉવ.૨૧ રહેવાસી- ભુવાજીના ખેતરમા, કાકાના ઢાબા પાસે, મુંમદપુરા, એસ.જી.હાઇવે અમદાવાદ

(૨) દિપક ઉર્ફે ભોલો સ/ઓ જીતુભાઇ જગન્નાથ સેલાર ઉવ.૧૯ રહેવાસી- ઇન્દિરાનગર બળીયાદેવના મંદીર આગળ, લાંભા, અમદાવાદ શહેર

### ડીટેક્ટ થયેલ ગુનાની માહીતી:-

(૧)આનંદનગર પો.સ્ટે ફ.ગુ.ર.નં.૧૧/૨૦૨૦ ધી ઇપીકો કલમ- ૩૭૯,૧૧૪ મુજબ

(૨)આનંદનગર પો.સ્ટે ફ.ગુ.ર.નં.૧૨/૨૦૨૦ ધી ઇપીકો કલમ- ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબ

(મુદ્દામાલ રિકવર રોકડા રૂ-૪૭૮૦/- કરેલ છે)

(૩)વસ્ત્રાપુર પો.સ્ટે ફ.ગુ.ર.નં.૪૦૩/૨૦૧૯ ધી ઇપીકો કલમ- ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબ

## ઇસનપુર પોલીસ સ્ટેશન :

## મોબાઈલ ફોનની ચીલઝડપના એક આરોપીને ચોરીના મોબાઈલ ફોન નંગ ૧ તથા ચોરીના મો.સા. સાથે પકડી નારોલ પોલીસ સ્ટેશનના ચીલઝડપના તથા કારંજ પોલીસ સ્ટેશનના મો.સા. ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ સંયુક્ત પોલીસ કમિ. શ્રી સેકટર-૨ સા.શ્રી તેમજ ના.પો.કમિ.શ્રી, ઝોન-૬ સા. તેમજ ઇ.મ.પો.કમિ.શ્રી "કે" ડીવીઝન અમદાવાદ શહેર શ્રી નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સપેકટર એસ.એ.ગોહીલ સાહેબ નાઓએ મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા તથા શોધી કાઢવા સારુ કરેલ સુચના અને માર્ગદર્શન હેઠળ નારોલ પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૫૨૦૦૦૬૯/૨૦૨૦ ધી ઈપીકો કલમ ૩૭૯(એ)(૨)(૪) મુજબના ગુનાના કામના આરોપી મોસીનભાઈ ઉર્ફે લાલુ ઈકબાલભાઈ જાતે મેમણ ઉ.વ.૨૧ રહે-મ.નં.૨૭ સીટીજન મેમણ કોલોની સીટીજનનગર પાસે ઈલાબેન ફાર્મ ઈન ગુડ લક બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ શહેરનાને મોબાઈલ ફોન તથા સ્પલેન્ડર મો.સા.નં.જીજે-૦૧-એનઆર-૬૫૪૬ સાથે તા.૨૪/૦૧/૨૦૨૦ ના કલાક ૨૩/૩૦ વાગે પકડી અટક કરી સદરી આરોપી પાસેથી કબ્જે કરેલ મો.સા. બાબતે સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઈન્સ જે.એસ.ચૌધરી તથા બીજા સર્વેલન્સ સ્કોર્ડના માણસો આરોપીની સઘન પુછપરછ કરતાં આરોપીએ આજથી એકાદ વર્ષ અગાઉ કારંજ જલારામ મંદિરની બાજુમાં આવેલ દસ્કોઈ ચેમ્બરના પાર્કિંગમાંથી ચોરી કરેલાની કબુલાત કરેલ હોય જે બાબતે ખાત્રી તપાસ કરતાં કારંજ પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં.૦૨/૨૦૧૯ ધી ઈપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો નોધાયેલ હોય જેથી સદરી બાબતે આરોપી તથા મુદ્દામાલ કારંજ પો.સ્ટે.સોપવાની તજવીજ કરી કારંજ પો.સ્ટે.નો મિલ્કત સબંધી ગુનો શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે.



# <u>જુગારના આરોપીની અટકાયતની વિગત</u>

## <u>ઇસનપુર પોલીસ સ્ટેશન :</u>

### <u>જુગારનો ગણના પાત્ર કેસ શોધી કાઢતી ઇસનપુર પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી “જે” ડીવીજન સાહેબ નાઓ તરફથી અવાર-નવાર પ્રોહી-જુગારની ગેરકાયદેસર પ્રવુત્તી નેસ્ત નાબુદ કરવા માટેની સુચનાઓ મળતી હોય અને પ્રોહી-જુગારના કેસો શોધી કાઢવા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા નાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા અ.પો.કોન્સ વિજયસિહ બાબુભાઇ તથા લોકરક્ષક મયુરસિહ રમેશભાઇ નાઓને મળેલ સયુક્ત બાતમી આધારે તા ૨૫/૦૧/૨૦૨૦ ના કલાક ૧૭/૩૦ વાગે ચંડોળા તળાવ નીલગીરીના છાપરા ખાતે રહેતો પ્રવિણ ઉર્ફે પપ્પુ રામદેવસિહ રાજપુત નાનો પોતાના અંગત આર્થિક લાભ મેળવવા માટે બહારથી ખેલીઓ બોલાવી પોતાના છાપરા આગળ માંગપત્તાનો જુગાર ચલાવતો હોય જુગાર રમતા (૧) મહંમદનાશીર ઉર્ફે લેંગો અબ્દુલહમીદ શેખ ઉ.વ ૩૨ રહે, મ.નં ૧૯૩ કુત્બેઆલમ કોલોની મુરલીધર વિભાગ-૦૨ ની પાછળ વટવા અમદાવાદ શહેર+૩=૪ નાઓને જુગારના સાધનો રોકડા નાણા રૂપિયા ૧૫,૧૯૦/-તથા ગંજીફાના પાના નંગ-૫૨ ના મુદ્દામાલ સાથે પકડી પાડી ઇસનપુર પો.સ્ટેશન પાર્ટ-B-૧૧૧૯૧૦૨૨૨૦૦૦૯૭ જુગારધારા કલમ ૧૨ મુજબનો ગુનો દાખલ કરી કાર્યવાહી કરવામા આવેલ છે તા.૨૫/૦૧/૨૦૨૦



# " SHE TEAM " એ કરેલ કામગીરીની વિગત

## વટવા પોલીસ સ્ટેશન :

## વટવા SHE ટીમ દ્વારા ગણતરી ના કલાકોમાં બાળકના માતા પિતા ને શોધી તેને તેના માતા પિતા ને સુપરત કર્યુ.

તા-૨૫/૦૧/૨૦૨૦ ના રોજ વટવા SHE ટીમ ના ઇન્ચાર્જ શ્રી વુ.મ.સ.ઇ અમૃતાબેન યોગેશકુમાર બ.ન-૪૧૦ તથા વુ.મ.સ.ઇ સોનલબેન કેશરીસિંહ બ.નં-૪૧૪ તથા પો.કો મેહુલભાઇ બાબરભાઇ બ.નં-૬૧૨૭ તથા વુ.લોકરક્ષક કોમલબેન રાજુભાઇ બ.નં-૨૮૫૬ તથા પો.કો ઇમરાનખાન ઇમામખાન બ.નં-૬૨૨૧ નાઓ વટવા વિસ્તાર મા એક બાળક નામે સામત ઉ.વ-૫ નાનું મળી આવતા વટવા SHE ટીમ દ્વારા ગણતરી ના કલાકોમાં બાળકના માતા પિતા ને શોધી તેને તેના માતા પિતા ને સુપરત કરી પ્રસંસનીય અને ઉમદા કામગીરી કરેલ છે.






# પાસા હેઠળ અટક કરેલ ઇસમોની વિગત

## ઇસનપુર પોલીસ સ્ટેશન :

## રીક્ષામા પેસેન્જરની નજર ચુકવી પેસેન્જરના સામાનમાથી ઘરેણાની ચોરી કરવાના ગુનામા પકડાયેલ આરોપીની પાસા કરી જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જે”ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના મળતી હોય જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ સોલકી ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ અગાઉ રીક્ષામા પેસેન્જરની નજર ચુકવી પેસેન્જરના સામાનમા માથી ઘરેણાની ચોરી કરવાના ગુનામા પકડાયેલ આરોપીની પાસાના પ્રપોઝલ તૈયાર કરી પાસાનો હુકમ કરાવી સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના સ્ટાફના એ.એસ.આઇ પી.આર ચાવડા તથા અ.હે.કો સુરેશભાઇ જીવણભાઇ તથા અ.હે.કો મહમદઅશરફ ઇસ્માઇલભાઇ તથા અ.પો.કો પ્રાભતસિહ દેવુભા નાઓએ સતત મેહનત કરી તથા ટેકનીકલ સોર્સનો ઉપયોગ કરી આરોપીનુ લોકેશન મેળવી સતત તેની પાછાળ રહિ આરોપીને શોધી કાઢી પકડી પાડી આરોપી (૧) તારીક ઉર્ફે ભુરો તાજમહમદ અંસારી ઉ.વ ૨૦ રહે મ.ન ૨૪ રોનક પાર્ક આર.સી.સી રોડ ફતેવાડી જુહાપુરા અમદાવાદ શહેરનાને પાસા હુકમ નં પી.સી.બી/ડી.ટી.એન/પાસા/૭૧/૨૦૨૦ તા.૧૭/૦૧/૨૦૨૦ થી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરવામા આવેલ છે. તા.૨૫/૦૧/૨૦૨૦

